

આઈ.કે.ડી.આર.સી. - આઈ.ટી.એસ.

# કિડની સમાચાર

વોલ્યુમ : ૨૩ નંબર : ૨ : એપ્રિલ : ૨૦૧૫

તમારે જો બધાની આગળ ચાલવું હોય તો એકલા ચાલો,
પણ જો તમારે બહુ દુર સુધી ચાલવું હોય તો બધાને સાથે લઈને ચાલો...

## ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબ પદ્મશ્રીથી વિભૂષિત



રામકથાના પ્રથમ દિવસે જ સંસ્થાને તથા ત્રિવેદી સાહેબને પ્રભુ રામનો પ્રસાદ દિલ્હીથી ટેલિફોન રૂપે આવ્યો. કેન્દ્ર ગૃહ મંત્રાલયમાંથી ત્રિવેદી સાહેબ પર ફોન આવ્યો કે તેમને સરકારશ્રીએ "પદ્મશ્રી" ખિતાબથી નવાજવાનું નિશ્ચિત કરેલ છે. એ દિવસે કથાના આરંભે આ જાહેરાત થઈ ઉપસ્થિત હજારો શ્રોતા અને પૂ મોરારી બાપુએ અભિનંદન આપ્યા. આ સન્માન ભારત દેશના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીના હસ્તે રાષ્ટ્રપતિ ભવનમાં તા. ૦૮-૦૪-૨૦૧૫ના રોજ આપવામાં આવ્યું.


શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી
અને
શ્રીમતી કમલાબેન મફતલાલ મહેતા
ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ
એન્ડ રીસર્ચ સેન્ટર


ડૉ. એચ. એલ. ત્રિવેદી
ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન
સાયન્સીઝ

સંપાદકીય સમિતિ
ડૉ. હરગોવિંદ એલ. ત્રિવેદી
ડૉ. વીણા શાહ
શ્રી માધવ રામાનુજ
ડૉ. અરુણા વણીકર
ડૉ. પંકજ શાહ
સુશ્રી જ્યોત્સ્ના સુથાર



## ॥ કિડની ઈન્સ્ટીટ્યુટ માટે શ્રી રામકથા ॥









પૂજ્ય મોરારી બાપુએ આપણા કિડની અને લીવરના દર્દીઓ પરત્વે અપાર કરૂણાથી પ્રેરાઈને શ્રી રામકથાની પાવન ભેટ આપી. તા. ૨૪ જાન્યુઆરી ૨૦૧૫, વસંતપંચમીના શુભ દિવસે સાબરમતી નદીના કિનારે, વલ્લભસદન મંદિર પાસે કથાનો આરંભ થયો અને પૂર્ણાહુતિ તા. ૧લી ફેબ્રુઆરીના રોજ થઈ. કથાનું કેન્દ્રબિંદુ "માનસ ધર્મ" રાખીને પૂજ્ય બાપુએ કથાનો સ્રોત વહાવ્યો. આ કથાના મુખ્ય યજમાન સંસ્થાના આર.એમ.ઓ. ડૉ. વિરેન ત્રિવેદીના મિત્ર શ્રી પ્રદીપ જોઈસર તથા પરિવાર રહ્યા. કથા શ્રવણ કરવા લગભગ ૪૦,૦૦૦ રામભક્તો રોજ આવતા અને ત્યારબાદ પ્રસાદ લઈને છુટા પડતા. તે દિવસોમાં ગુજરાત તથા અમદાવાદ શહેર સ્વાઈન ફ્લુના સકંજામાં હોવા છતાં આ પવિત્ર કાર્યક્રમને કોઈ જ આંચ ન આવી અને એ ૮-૯ દિવસ સૌ આધ્યાત્મિક આનંદમાં રહ્યા. આ પ્રસંગે લગભગ રૂા. ૩૦ કરોડનું દાન આપણા દર્દીઓના લાભાર્થે એકત્રિત થયું. આ કથા શ્રવણનો લાભ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મા. શ્રી નીતિનભાઈ પટેલથી માંડીને અનેક મંત્રીઓ તથા આમ જનતાએ લીધો.

## ઈન્સ્ટીટ્યુટને પ્રાપ્ત થયેલ યુનિવર્સિટીનો દરજ્જો



ઈન્સ્ટીટ્યુટ તબીબી ક્ષેત્રના એક વટવૃક્ષની જેમ માત્ર ગુજરાત જ નહીં પણ દેશભરના અને વિદેશોના કિડનીદર્દીઓ માટેનું એક વિશાળ અને અદ્યતન આશ્વાસન સ્થાન બની રહ્યું છે. એના સ્થાપક-સંયોજક-નિયામક કે જેમને આપણા મા. પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને દેશના ગૌરવવંતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ હંમેશા ઋષિ તરીકે સંબોધે છે, એવા ઋષિવર્ય ડૉ. એચ. એલ. ત્રિવેદીની ત્રણ દાયકાની સેવા-સાધનાને પરિણામે આજે આપણી સંસ્થાએ વિશ્વભરમાં ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. સંસ્થાના આ કાર્યને ધ્યાનમાં લઈને સરકારશ્રીએ તા. ૨૭ માર્ચના રોજ વિધાનસભામાં સંસ્થાને સ્ટેટ યુનિવર્સિટીનો દરજ્જો આપતું વિધેયક મૂક્યું જે સર્વ પક્ષના સૌ ઉપસ્થિત ધારાસભ્યોએ સહર્ષ વધાવી લીધું. આમ, સંસ્થાને સ્ટેટ યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો અને આ સાથે હવે એની ઓળખ **"ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસ"** તરીકે પ્રસ્થાપિત થઈ છે. વિશ્વની આ પ્રત્યારોપણને લગતી આ પ્રથમ યુનિવર્સિટી થશે. જયાં અનેક સ્નાતકોત્તર અભ્યાસક્રમો શરૂ થશે. તદઉપરાંત દેશ વિદેશથી અનેક દર્દીઓને જુદા-જુદા અવયવો અને અંગોના પ્રત્યારોપણના લાભ મળશે. ગુજરાત રાજ્ય માટે શરીરના વિવિધ અંગો અને અવયવોના પ્રત્યારોપણ માટે નિષ્ણાંત તજજ્ઞો અને સુપર સ્પેશ્યાલીસ્ટસ તથા પ્રત્યારોપણ સંદર્ભે નર્સિંગ તાલીમ ઉપરાંત ડાયાલીસીસ સેન્ટર માટે નિષ્ણાંત તબીબો તથા પેરા-મેડીકલ કર્મચારીઓની જરૂરીયાત આ યુનિવર્સિટી વડે પૂરી પાડી શકાશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને વૈશ્વિક સંશોધન કેન્દ્ર થકી આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતો સાથે જોડાઈને અવયવ પ્રત્યારોપણ ઉપરાંત અવયવોને બચાવવા માટે સંબંધિત રોગોને અટકાવવા માટે, વહેલું નિદાન કરવાના સંશોધન પર પ્રકાશ પાડવામાં આવશે અને છેલ્લે અગત્યની બાબત એ કે, આના કારણે દરેક ક્ષેત્રે રોજગારીઓ ઉભી થશે.

સંસ્થાના વધતા જતા વ્યાપ તથા શિક્ષણ કાર્યને ધ્યાનમાં લઈએ સરકારશ્રીએ મંજુશ્રી મિલના કમ્પાઉન્ડમાં લગભગ ૬ એકર જેટલી જગ્યા ફાળવીને ૬૦૦ પથારીની ક્ષમતા ધરાવતી હોસ્પિટલ આ સંસ્થા માટે બાંધવાનું કાર્ય હાથ ધરેલ છે, જે 'યુનિવર્સિટી હોસ્પિટલ' તરીકે ઓળખાશે. સંસ્થાના સ્થાપક-નિયામક ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબને યુનિવર્સિટીના પ્રથમ પ્રો-ચાન્સેલર તથા નાયબ નિયામકશ્રી ડૉ. વિણાબેન શાહને પ્રથમ કુલપતિ તરીકે ઘોષિત કરવામાં આવ્યા છે.

### ૬૬માં પ્રજાસત્તાક દિને રાષ્ટ્રધ્વજને સંસ્થા વતી વંદના

દર વર્ષની જેમ રાષ્ટ્રના ૬૬માં પ્રજાસત્તાક દિને ડૉ. ત્રિવેદી સાહેબે સંસ્થાના સહકર્મચારીઓ તથા દર્દી પરિવાર સાથે રાષ્ટ્રધ્વજ લેહરાવીને ભવ્ય સમારંભમાં રાષ્ટ્રધ્વજને વંદના કરીને એકત્રિત લોકોને સંબોધિત કર્યા. કાર્યક્રમ પૂર્ણ કરીને તરત જ પૂજ્ય બાપુની રામકથામાં જોડાયા.

### પીડીયાટ્રીક યુરોલોજી વર્કશોપનું યશસ્વી આયોજન

પીડીયાટ્રીક યુરોલોજીના વડા ડૉ. પ્રાંજલ મોદીએ વિશ્વના પીડીયાટ્રીક યુરોલોજીના નિષ્ણાત પ્રાધ્યાપક જેક એલ્ડરને આમંત્રિત કરીને યુરોલોજીના વિદ્યાર્થીગણ તથા તજજ્ઞ સમક્ષ રોબોટીક સર્જરીની સુંદર શસ્ત્રક્રિયા જીવંત પ્રસારીત કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા. તેમની સાથે ટીમમાં સંસ્થાના ડૉ. સૈયદ જમાલ રીઝવી તથા ડૉ. મિતુલ પરીખે પણ શસ્ત્રક્રિયાઓ કરીને બતાવી.

### મૃત મસ્તિષ્ક અવયવ પ્રત્યારોપણ વિષે માહિતી

**૫૫ વર્ષીય શ્રીમતી નંદુબેન કુરજીભાઈ લુણધારીયા :** રાજકોટ તાલુકાના વતની હતા. તેમના પતિ ખેતીનું કામ સંભાળે. છેલ્લા બે મહિનાથી તેમને માથાના દુખાવાની તકલીફ શરૂ થયેલ જેના માટે તે દવાઓ લેતા અને દુખાવો મટી જતો. તપાસ કરતા ધ્યાનમાં આવ્યું કે તેમને બ્લડપ્રેશરની તકલીફ છે. શનિવારે તા. ૧૦-૦૧-૨૦૧૫ના રોજ બપોરે ચા પીને બેઠા અને અચાનક તીવ્ર વેગે માથું દુખવાનું શરૂ થયું. આ વખતે દુખાવો કંઈક જુદો લાગ્યો. દવા લીધા પછી પણ

કાંઈ રાહત ન થતાં એમના પુત્રવધુ એમને વોખર્ડ હોસ્પિટલમાં ડૉ. કાન્ત જોગાણીની સારવાર હેઠળ લઈ ગયા. ત્યાં એમ.આર.આઈ.ની તપાસ કરતાં ખૂબ જ ગંભીર પ્રમાણમાં બ્રેઈન હેમરેજ હોવાની જાણ થઈ. ટુંક સમયમાં જ નંદુબેન કોમામાં સરી પડ્યા. તેમની કથળતી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને કુટુંબીજનોને બોલાવી લીધા અને થોડા સમયમાં ડૉ. જોગાણી તથા ડૉ. દિવ્યેશ વિરોજાએ તેમને મૃતમસ્તિષ્ક જાહેર કર્યા. તથા તેમના કુટુંબીજનોને અવયવદાન વિશે સમજાવવામાં આવ્યા. કુટુંબીજનોએ અવયવદાન માટે સંમતિ આપી અને તરત જ હોસ્પિટલને જાણ કરતા આપણી ટીમ અહીંથી રાજકોટ જવા રવાના થઈ. તેમની એક કિડની સુરતના ૩૪ વર્ષીય કુ. કાશ્મીરા ચેવલીને આપવામાં આવી. જે આપણી પ્રતિક્ષાયાદીમાં છેલ્લા અઢાર મહિનાથી રાહ જોતા હતા. તેમની કિડની ફેઈલ થવાનું કારણ ક્રોનિક ટ્યુબ્યુલોઈન્ટરસ્ટીસ્યલ નેફ્રાઈટીસ હતું. બીજી કિડની વડોદરાના ૪૪ વર્ષીય શ્રીરામ કુંવરને આપવામાં આવી જેમની કિડની એ.ડી.પી.કે.ડી.ને કારણે ખરાબ થઈ ગયેલ તથા છેલ્લા દોઢ વર્ષથી આપણી પ્રતિક્ષાયાદીમાં રાહ જોતા હતા. આ બન્ને પ્રત્યારોપણો **તા. ૧૩-૦૧-૨૦૧૫**ના રોજ થયા અને બન્ને દર્દીઓ સ્વસ્થ છે.

**૨૫ વર્ષના જુવાન શ્રી પીન્ટુભાઈ જીવાભાઈ બારૈયા :** મુળ તળાજા ગામના વતની હતા કે જે હીરા ઘસવાનું કામ કરીને કુટુંબનું ભરણ પોષણ કરતા હતા. તા. ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણ નિમિત્તે ફેક્ટરીના ધાબે સહુ સાથીઓ પતંગ ચગાવતા હતા. થોડા સમય પછી સૌ સાથીદારો નીચે ઉતરીને કામે લાગ્યા પરંતુ પીન્ટુભાઈ પતંગ ચગાવવામાં મશગુલ રહ્યા અને અચાનક ધાબેથી સંતુલન ગુમાવીને નીચે પડ્યા. કોઈનો પડવાનો અવાજ સાંભળીને સહુ સાથીદારો બહાર દોડી ગયા અને જોયું તો પીન્ટુભાઈ બેભાન હાલતમાં પડેલા હતા. તરત જ તળાજાની પ્રાઈવેટ હોસ્પિટલમાં તેમને ખસેડવામાં આવ્યા જ્યાંથી મોટી હોસ્પિટલમાં ખસેડવાની સલાહ મળતા તરત જ ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ડૉ. કાબરીયા સાહેબની દેખરેખ હેઠળ દાખલ કરવામાં આવ્યા. જ્યાં વધુ તપાસ કરતા ગંભીર પ્રમાણમાં બ્રેઈન હેમરેજ હોવાની જાણ થઈ. એક તરફ પીન્ટુભાઈને સર ટી. હોસ્પિટલમાં દાખલ કર્યા અને બીજી તરફ તેમના બહેન અને બનેવીને સાથીદારોએ હોસ્પિટલમાં બોલાવી લીધા. ડૉ. કાબરિયા સાહેબે સહુને આઘાતજનક સમાચાર આપ્યા કે કેસ અત્યંત ગંભીર છે. મૃતમસ્તિષ્ક છે અને હવે પીન્ટુભાઈ પાછા આપણી વચ્ચે આવી શકવાની પરીસ્થિતિ રહી નથી. કુટુંબને ડૉ. કાબરિયા સાહેબે અવયવદાન વિષે સમજણ આપીને પ્રોત્સાહિત કર્યા. પરિવારે અવયવદાન માટે સંમતિ આપી. તેમની એક કિડની ૪૮ વર્ષીય વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી શ્રી હસમુખભાઈ ઝાલાને આપવામાં આવી અને બીજી કિડની સુરતના ૪૭ વર્ષીય શ્રીમતી રેખાબેન ઘેલાણીને આપવામાં આવી. શ્રી હસમુખભાઈને બ્લડપ્રેશરની તકલીફના હીસાબે કિડની ફેઈલ થયેલ. તા. ૨૪–૧૦–૨૦૧૩માં તેમનું પ્રથમ ટ્રાન્સપ્લાન્ટ આપણી સંસ્થામાં જ મૃત મસ્તિષ્ક દાતાની જ કિડનીમાંથી થયેલ પરંતુ ટેકનીકલ કારણોસર આ પ્રત્યારોપણ નિષ્ફળ જતાં શ્રી હસમુખભાઈને પ્રતિક્ષાયાદીમાં દાખલ કરવામાં આવેલ. સવા વર્ષની પ્રતિક્ષા બાદ તેમને આ કિડની મળી. શ્રીમતી રેખાબેનની વાત પણ કંઈક આવી જ હતી. ક્રોનિક ગ્લોમેર્યુલોનેફ્રાઈટીસને કારણે તેમની કિડની બગડેલ અને પ્રથમ ટ્રાન્સપ્લાન્ટ તા. ૨૭–૦૧–૨૦૧૩ના રોજ તેમના પતિની એક કિડની લઈને આપણે ત્યાં કરેલ. આ કિડની એક વર્ષ ચાલી અને પછી રીજેક્શનના હિસાબે ફેઈલ થઈ. આમ ૧૦ મહિનાની પ્રતિક્ષા પછી રેખાબેનને બીજી કિડની મળી ગઈ. આ પ્રત્યારોપણો **તા. ૧૮-૦૧-૨૦૧૫**ના રોજ થયા અને બન્ને દર્દીઓ સ્વસ્થ છે.

**૬૦ વર્ષીય શ્રીમતી રઈબેન રમણભાઈ પટેલ :** ગાંધીનગર તાલુકાના ખોરજ ગામના વતની હતા. બહેન પોતે બ્લડ પ્રેશરથી પીડાતા હતા છતાં પણ ખેતીના કામમાં કુટુંબને સતત મદદ કરતા. એક દિવસે સવારે અચાનક જ તેમની જીભ તતડાવવા માંડી એટલે કુટુંબીજનો એમને નિર્ણયનગરમાં આવેલ ત્રિષા હોસ્પિટલમાં લઈ આવ્યા અને તરત જ ત્યાં એમને દાખલ કર્યા. વધુ તપાસ કરતાં તેમને બ્રેઈન હેમરેજ હોવાની જાણ થઈ. પરિસ્થિતિ ટૂંક સમયમાં જ એટલી કથળી કે તેમને વેન્ટીલેટર પર મુકવામાં આવ્યા. તેમના એક સગા સિદ્ધિ ગ્રુપ સાથે સંકળાયેલ એક મોટા વેપારી છે. એમનું નામ છે મુકેશભાઈ પટેલ. મુકેશભાઈ પોતે અવયવદાન માટે ખૂબ કામ કરી રહ્યા છે. મુકેશભાઈને બહેનની ગંભીર પરિસ્થિતિની જાણ થતાં હોસ્પિટલ પહોંચી ગયા અને રઈબેનના દિકરાને એમણે અવયવદાન માટે પ્રેરિત કર્યા અને જાણ કરી કે આપણે ડૉ. ત્રિવેદી સાહેબની કિડની હોસ્પિટલમાં બાને ખસેડીએ જેથી અવયવદાન યોગ્ય રીતે અને યોગ્ય વ્યક્તિને મળી શકે. યોગાનુયોગે આ પ્રસંગ બન્યો શનિવારે અને, કુટુંબમાં રવિવારે લગ્ન પ્રસંગ હતો. મુકેશભાઈએ ત્રિવેદી સાહેબને વિનંતી કરી કે બાના અવયવો લેવા પડે તો પણ કુટુંબમાં લગ્ન પ્રસંગમાં વિઘ્ન ન આવે તેવું જો કાંઈક થઈ શકે તો આપ પૂર્ણ પ્રયત્ન કરશો. આ વાતની કાળજી આપણી ટીમે લીધી અને રવિવારની રાત્રે તા. ૦૮ ફેબ્રુઆરીએ એકબાજુ અવયવદાન કરાવ્યું અને બીજી બાજુ કુટુંબની દિકરીને વિદાય કરી. તેમની બંને કિડનીઓ અમદાવાદના વતની ૭૦ વર્ષીય શ્રીમતી રવિન્દ્રકુમારી જાડેજાને આપવામાં આવી, જે બ્લડ પ્રેશરના હિસાબે કિડની ફેઈલ્યોરથી પીડાતા હતા અને છેલ્લા ૧૦ મહિનાથી આપણી પ્રતિક્ષાયાદીમાં રાહ જોતા હતા. લીવર વડોદરાના વતની ૪૩ વર્ષીય શ્રી

શૈલેષભાઈ પટેલને આપવામાં આવેલ શૈલેષભાઈને દારૂની લત લાગતા લિવર ફેઈલ્યોર થયેલ અને છેલ્લા દોઢ મહિનાથી આપણી પ્રતિક્ષાયાદીમાં રાહ જોતા હતા. આ બન્ને પ્રત્યારોપણો **તા. ૦૮-૦૨-૨૦૧૫** ના રોજ થયા બન્ને દર્દીઓ સ્વસ્થ છે.

**વિષ્ણુ મનસુખભાઈ બરાસરા :** ૧૬ વર્ષનો જુવાન દીકરો હતો. જે મોરબી તાલુકાના જોતપર ગામમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતો હતો. મચ્છુ બંધ નજીક આ પરિવાર રહેતો. એક દિવસ વિષ્ણુના શાળા માસ્તરનો ફોન તેના ઘરે ગયો કે વિષ્ણુને ખુબ તાવ ચડ્યો છે તો આવીને તેને લઈ જાઓ. તેના પિતા તેને મોરબીના નખલખ હોસ્પિટલમાં લઈ ગયા અને સઘન સારવાર બાદ તેની તબીયત સુધરી અને રજા પણ આપી. જરાક સ્વસ્થ થતાં સ્કુલમાં ફરીથી ગયો અને ફરીથી આ જ બીના બની. પરંતુ આ વખતે તાવનું પ્રમાણ વધુ હોવાથી તેને રાજકોટ ખસેડવાની સલાહ આપવામાં આવી. રાજકોટના લેન્ડમાર્ક હોસ્પિટલના આઈ.સી.યુ.માં તેને બે દિવસ રાખવામાં આવ્યો. સારવાર દરમ્યાન લીવર ઉપર સોજો હોવાનું ધ્યાનમાં આવ્યું અને લોહીમાં એમોનીયાનું પ્રમાણ પણ વધી ગયેલું હોવાનું તબીબોએ કુટુંબીજનોને જણાવ્યું. આ વખતે પણ ખૂબ સઘન સારવાર મળી અને તબીયત સુધારા પર પણ આવવા માંડી હતી. પરંતુ અચાનક તેને ખેંચ આવી અને પાછી તબીયત કથળતી ગઈ. દુર્ભાગ્યે પરિસ્થિતિ ખૂબ જ ઝડપથી કથળતી ગઈ અને માત્ર ત્રણ જ દિવસમાં તેને મૃત મસ્તિષ્ક જાહેર કરવામાં આવ્યો. કુટુંબીજનોએ તેને વોખાર્ડ હોસ્પિટલમાં ખસેડ્યો. ત્યાં ડૉ. દિવ્યેશ વિરોજાએ કુટુંબને પરિસ્થિતિની ગંભીર જાણ કરી અને અવયવદાન માટે પ્રેરિત કર્યા. કુટુંબીજનો આ આઘાતજનક સમાચાર સાંભળીને પણ અવયવદાન માટે તૈયાર થયા. તેમની એક કિડની અમદાવાદના વતની ૩૨ વર્ષીય શ્રીમતી અનુબેન લોધાને આપવામાં આવી, જેમણે ડાયાબીટીસના હિસાબે કિડની ખોયેલ અને છેલ્લા દોઢ વર્ષથી આપણી પ્રતિક્ષા યાદીમાં રાહ જોતા હતા. બીજી કિડની જોધપુર, રાજસ્થાનના ૨૨ વર્ષીય શ્રી ગૌરવ સોનીને આપવામાં આવી જે છેલ્લા ૨ વર્ષથી આપણી પ્રતિક્ષાયાદીમાં દાખલ થયેલ. ગૌરવ ૧૨માં ધોરણનો વિદ્યાર્થી છે અને વી.યુ.આર.ને કારણે કિડનીઓ ખોઈ બેસેલ. આ બન્ને પ્રત્યારોપણો **તા. ૨૨-૦૫-૨૦૧૫**ના રોજ થયેલ અને બન્ને દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રીમતી સવિતાબેન ડાહ્યાભાઈ પ્રજાપતિ :** ૫૨ વર્ષીય, અમદાવાદના રહેવાસી હતા અને લોકોના ઘરે ઘરકામ કરી કુટુંબનું ભરણ–પોષણ કરતાં તેમની દિકરી પણ આ જ રીતે કામ કરીને જીવન નિર્વાહ ચલાવે. તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ રાતના ૮ વાગ્યાના સુમારે બંગલે કામ કરવા જતાં રસ્તો ઓળંગતા બાઈકની હડફેટે આવી જતા રસ્તા પર પડ્યા અને પાળી પર માથું ભટકાતા બેહોશ થયા. આસપાસના લોકોએ તરત જ સવિતાબેનને ઓળખી કાઢયા અને દિકરીને બોલાવી લીધી. તરત જ તેમને પુખરાજ હોસ્પિટલ અને ત્યાંથી પંચશીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પરંતુ ત્યાંની સારવાર દરમ્યાન કોઈ સુધારો ન જણાતા કુટુંબીજનોએ જાતે જ નિર્ણય લીધો કે આ કેસ કાંઈ સુધરે તેમ લાગતું નથી તો અવયવદાન કેમ ન કરવું ? કુટુંબીજનોએ જાતે જ પહેલ કરીને ત્યાંથી રજા લેવડાવીને આપણી સંસ્થામાં સવિતાબેનને દાખલ કર્યા અને સામે ચાલીને જ કહ્યું કે સાહેબ જો બચે તો ઠીક છે નહીં તો અમારે બાના અવયવોનું દાન કરવું છે. આપણી સંસ્થામાં પણ તેમની પરિસ્થિતિ કથળતી ગઈ અને તેમને મૃત મસ્તિષ્ક જાહેર કર્યા તથા અવયવદાન માટે તૈયારી કરી. તેમની એક કિડની નડીયાદના ૫૮ વર્ષીય શ્રીમતી જયોતીબેન દવેને આપવામાં આવી. જે છેલ્લા દોઢ વર્ષથી આપણી પ્રતિક્ષાયાદીમાં દાખલ થયેલ. તેમને એક જ કિડની હતી જે ફેઈલ થઈ. બીજી કિડની અમદાવાદના વતની ૩૨ વર્ષીય શ્રીમતી પીન્કીબેન શ્રીમાલિનીને આપવામાં આવી જેમણે છેલ્લા એક વર્ષથી આપણી પ્રતિક્ષાયાદીમાં નામ નોંધાવેલ. પિન્કીબેને પ્રથમ કિડની કેડેવરદાતામાંથી તા. ૩ માર્ચ, ૨૦૧૨ના રોજ આપણાં ત્યાંથી મેળવેલ પરંતુ ક્રોનિક રીજેક્શનમાં આ કિડની ફેઈલ થતાં તેમને ફરીથી પ્રતિક્ષાયાદીમાં એક વર્ષથી મુકવામાં આવ્યા હતા. આ બન્ને પ્રત્યારોપણો તા. ૨૩–૦૨–૨૦૧૫ના રોજ થયા અને બન્ને દર્દીઓ સ્વસ્થ છે.

**૬૮ વર્ષીય શ્રી રતનશા સાવકશા પારડીવાલા:** વલસાડ નજીક કીલા–પારડીના વતની હતા. છેલ્લા ઘણા સમયથી નિવૃત જીવન ગાળી રહેલ રતનશાહ ખેતીનું દેખરેખનું કામ કરતા. તા. ૬ માર્ચના રોજ બપોરે તેમને અચાનક માથું દુંખવા માંડ્યું જે ધીરે ધીરે ગંભીર પ્રમાણ લેતું ગયું. તેમને વલસાડની અમીત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જયાં મોટા પ્રમાણમાં બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન કરવામાં આવ્યું. હુમલો ગંભીર જણાતા સારવાર આપનાર તબીબોએ તેમને મુંબઈ અથવા અમદાવાદના મોટા હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપી જેથી કરીને તેમને વધુ સઘન સારવાર મળી શકે. પારસી હોવાના કારણે કુટુંબ અને પરિવાર તેમને મુંબઈના બ્રીચ કેન્ડી હોસ્પિટલ નજીકના પ્રસિદ્ધ પારસી જનરલ હોસ્પિટલમાં ખસેડ્યા. તા. ૧૧મી માર્ચ સુધી તેમને ત્યાં સઘન સારવાર મળી. પરંતુ સુધારાના કોઈ ચિહ્નો દેખાયા નહીં. અંતે તેમને કિલા–પારડી ડૉ. કુરેશી સાહેબની હોસ્પિટલમાં પાછા લઈ આવી દાખલ કરવાનું નિશ્ચિત કર્યું. ડૉ. કુરેશી સાહેબની હોસ્પિટલમાં પારસી સમાજના અન્ય લોકોએ તેમના દિકરી ટીના પારડીવાલાને સમજાવ્યું કે બીજા પણ એક પારસી પરિવારે આવી જ

પરીસ્થિતિમાં અવયવદાન કરેલ તો શા માટે આપણે પણ આવું જ કાંઈક ઉમદા કાર્ય ન કરીએ ? ટીનાબેને આ સલાહને આવકારીને અવયવદાન માટે સંમતિ બતાવી. બંને કિડની અમદાવાદના વતની ૪૬ વર્ષીય શ્રીમતી વિલાસબેન ચંદુભાઈ કોઠીયાને આપવામાં આવી. જે.આઈ.જી.એ. નેફ્રોપેથીના કારણે કિડની ફેઈલ્યોરથી થોડાક વર્ષોથી પીડાતા હતા. અને આપણી પ્રતિક્ષાયાદીમાં લગભગ એકાદ વર્ષથી દાખલ થયેલ. આ પ્રત્યારોપણ **તા. ૧૨-૦૩-૨૦૧૫**ના રોજ થયેલ અને વિલાસબેન હાલમાં સ્વસ્થ છે.

## રક્તદાન શિબિરો

સંસ્થા નીચે દર્શાવેલ રક્તદાન શિબિરોના કાર્યકરગણ, રક્તદાતા તથા વ્યવસ્થાપકોનો આભાર માને છે.

અમે અપેક્ષા રાખીએ છીએ કે, આવો જ સહકાર તથા રક્તદાનનો અવિરત પ્રવાહ સંસ્થાના દર્દીઓને મળતો રહે.

(૧) સ્વામી વિવેકાનંદ ગર્વમેન્ટ સ્કુલ, સેક્ટર - ૧૨, ગાંધીનગર, આયોજક : શ્રી મેહુલ શાસ્ત્રી, કુલ ૬૬ રક્ત દાતાઓએ તા. ૧૬-૦૧-૨૦૧૫ ના રોજ રક્તદાન કર્યું.

(૨) વેરાઈ માતાનું મંદિર, દાણીલીમડા, અમદાવાદ, આયોજક : શ્રી કરણ પ્રિયદર્શી, કુલ ૧૪ રક્તદાતાઓએ તા. ૧૮-૦૧-૨૦૧૫ ના રોજ રક્તદાન કર્યું.

(૩) ગોપાલ વિદ્યાલય, રાણીપ, અમદાવાદ, આયોજક : શ્રી મનીષ પટેલ - ભાજપ યુવા મંચના કાર્યકર્તા. કુલ ૫૮ રક્તદાતાઓએ તા. ૨૨-૦૧-૨૦૧૫ ના રોજ રક્તદાન કર્યું.

## દાનની વિગત

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) |
|---|---|
| શ્રી રામકૃષ્ણ એક્ષપોર્ટ પ્રા. લિમિટેડ | ૮૪૦૦૦૦૦ |
| અતુલ ઓટો લિમિટેડ | ૨૫૦૦૦૦૦ |
| બિકાનેર એગ્રીકો (યુનિટ ઓફ વિવેક વ્યાપાર લિ.) | ૧૧૧૧૧૧૧ |
| ભારતી દિનેશ શેઠ | ૬૫૧૦૦૦ |
| ધોળકીયા હસમુતીબેન પી. કે. ચેરીટેબલ ટ્રસ્ટ | ૫૫૫૫૫૫ |
| શ્રી સંતરામ જન સેવા ટ્રસ્ટ | ૫૫૫૫૫૫ |
| તપન અને ગાર્ગી પટેલ | ૫૦૦૦૭૦ |
| અદાણી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ | ૫૦૦૦૦૦ |
| શાંતાબેન ભુદરદાસ પટેલ | ૫૦૦૦૦૦ |
| ભારતીય સંસ્કૃતિ સંવર્ધક ટ્રસ્ટ | ૫૦૦૦૦૦ |
| ડૉ. વસુબેન ટી. પારેખ | ૫૦૦૦૦૦ |
| ડૉ. વીણાબેન આર. શાહ | ૫૦૦૦૦૦ |
| જયંતીલાલ મોહનલાલ નંદા | ૫૦૦૦૦૦ |
| કાલુપુર કોમર્શીયલ કો. ઓ. બેંક લિમિટેડ | ૫૦૦૦૦૦ |
| ખુશ્બુ ઓટો પ્રા. લિમિટેડ | ૫૦૦૦૦૦ |
| માણેકલાલ પ્રહલાદજી પટેલ | ૫૦૦૦૦૦ |
| આર. જમનાદાસ એન્ડ કંપની | |
| પ્રોપ. કુમુદબેન રશ્મિકાન્ત શાહ | ૫૦૦૦૦૦ |
| શયાના લીંગુ બીડીવાલા એન્ડ કંપની | ૫૦૦૦૦૦ |
| સી. જમનાદાસ એન્ડ કંપની | |
| પ્રોપ. રશ્મિકાન્ત જમનાદાસ શાહ | ૪૦૦૦૦૦ |
| રમેશચંદ્ર સી. ગાંધી પ્રોપ. આર. સી. ગાંધી એન્ડ કંપની | ૪૦૦૦૦૦ |
| એસ.એસ.જી. સર્વવિનાવહ ટ્રસ્ટ | ૪૦૦૦૦૦ |
| જયોત્સનાબેન જયંતિલાલ | ૩૨૨૨૨૨ |
| રસિક હિરાલાલ રાઠોડ | ૩૦૩૦૦૦ |
| ડી.એસ.એમ. મર્કેન્ટાઈલ પ્રાઈવેટ લિમિટેડ | ૩૦૦૦૦૦ |
| દેસાઈ બ્રધર્સ એન્ડ કંપની | ૩૦૦૦૦૦ |
| સિદ્ધાર્થ ભગીરથભાઈ પટેલ | ૩૦૦૦૦૦ |
| ભગવાનભાઈ ભોગીલાલ પટેલ | ૨૮૦૦૦૦ |
| અમરધામ લાલગેબી આશ્રમ | ૨૫૨૦૦૦ |
| ગુજરાત રાજ્ય વકફ બોર્ડ | ૨૫૧૦૦૦ |
| એમ. આર. જોશી ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૫૧૦૦૦ |
| સિમ્સ એન્જિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ | ૨૫૧૦૦૦ |
| પ્રવિણચંદ્ર એ. શાહ | ૨૫૦૦૦૦ |
| શ્રીમદ રાજચંદ્ર આશ્રમ | ૨૫૦૦૦૦ |
| બેસ્ટ સાઉન્ડ સિસ્ટમ | ૨૫૦૦૦૦ |
| સરોજ રણછોડદાસ અઢિયા | ૨૦૯૦૦૦ |
| દેસાઈ ટ્રેડિંગ કાં. | ૨૦૦૦૦૦ |
| ગિરીશ ડાહ્યાભાઈ શાહ | ૨૦૦૦૦૦ |
| કલ્પના ટ્રેડિંગ કાં. પ્રોપ. ભરતકુમાર એસ. મહેશ્વરી | ૨૦૦૦૦૦ |
| કાંતાબેન અમૃતભાઈ પટેલ | ૨૦૦૦૦૦ |
| કૌશિક ગોકલદાસ | ૨૦૦૦૦૦ |
| નવીનચંદ્ર સી. શેઠ | ૨૦૦૦૦૦ |
| નિધિ મેડીટેક સિસ્ટમસ | ૨૦૦૦૦૦ |
| ઋષભ પી. શાહ | ૨૦૦૦૦૦ |
| સરીયુબેન પી. શાહ | ૨૦૦૦૦૦ |
| તુરખીયા એન્ટરપ્રાઈઝીસ પ્રોપ. સત્યમ ટ્રસ્ટ | ૨૦૦૦૦૦ |
| એમ. કારીયા | ૧૬૬૪૧૧ |
| પ્રિયંકા જ્વેલ્સ | ૧૫૧૦૦૦ |
| રાજેશ ચીમનલાલ શાહ | ૧૫૧૦૦૦ |
| વિધાતા એસોસીએટ્સ | ૧૫૧૦૦૦ |
| ચાટલા નરસિંહ રમૈયા | ૧૫૦૦૦૦ |
| દિનેશભાઈ રણછોડલાલ ચુડગર | ૧૫૦૦૦૦ |
| ભાગ્યોદય કો.ઓ. બેંક લિ. | ૧૫૦૦૦૦ |
| કમલેશ શશીકાંત મહેતા | ૧૨૫૦૦૦ |
| સત્યમ કિશોરભાઈ પટેલ | ૧૨૫૦૦૦ |
| ખીમજી હીરજી નાકરાની | ૧૧૮૮૦૦ |
| અસિત એસ. પાનવાલા | ૧૧૭૫૨૪ |
| ડૉ. હરીશ દવે | ૧૧૧૧૧૧ |
| જગજીવન એનકેમ ઉદ્યોગ લિ. | ૧૧૧૧૧૧ |
| જનકબેન કનુભાઈ મોદી | ૧૧૧૧૧૧ |
| કુમુદ એમ. બધેકા | ૧૧૧૧૧૧ |

| | |
|---|---|
| શ્રી હાલારી ભાનુસાળી જ્ઞાતિ | ૧૧૧૧૧૧ |
| પ્રફુલભાઈ દવે | ૧૧૧૧૧૧ |
| રાજેન્દ્રભાઈ બી. જાદવ | ૧૧૧૧૧૧ |
| શાંતાબેન છોટાલાલ નંદા | ૧૧૧૧૧૧ |
| શ્યામસુંદરા એમ. રુંગટા | ૧૧૧૧૧૧ |
| સુરેશભાઈ ટી. ડેલીવાળા | ૧૧૧૧૧૧ |
| ત્રિવેણી ચુનીલાલ અંજની | ૧૧૧૧૧૧ |
| વિજય એમ. ચંદ્ર | ૧૧૧૧૧૧ |
| વિનોદ કે. નંદા | ૧૧૧૧૧૧ |
| કાન્તાબેન રાજુભાઈ ચાસિયા | ૧૧૧૧૦૧ |
| લક્ષ્મી માર્કેટીંગ એજન્સીસ | ૧૧૧૦૦૦ |
| ભોલારામ સલીકરામ | ૧૦૫૦૦૦ |
| ધર્મેશ જયંતીલાલ પટેલ | ૧૦૫૦૦૦ |
| મંગુબેન જે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૦૩૦૦૦ |
| શરદ ગોપાલદાસ શાહ | ૧૦૧૧૦૧ |
| બેનલુક્ષ હોટેલ્સ ઈન્ડિયા પ્રા. લિમિટેડ | ૧૦૧૦૦૦ |
| ભાઈલાલભાઈ ગોવિંદભાઈ ટંટી | ૧૦૧૦૦૦ |
| દીપક અરવિંદરાય ઝવેરી | ૧૦૧૦૦૦ |
| હિતેશ ઈશ્વરલાલ દેસાઈ | ૧૦૧૦૦૦ |
| રમણિકલાલ આર. ભદ્ર | ૧૦૧૦૦૦ |
| શશી લક્ષ્મણ | ૧૦૧૦૦૦ |
| ડૉ. એચ. એલ. ત્રિવેદી | ૧૦૦૧૧૧ |
| ધરમદાસ જોરદાસ પટેલ | ૧૦૦૦૫૧ |
| અજિત એન. પટેલ | ૧૦૦૦૦૧ |
| દિલીપ ત્રિવેદી | ૧૦૦૦૦૧ |
| સાહેબા એજન્સીસ | ૧૦૦૦૦૦ |
| અંબાલાલ કાલીદાસ પટેલ | ૧૦૦૦૦૦ |
| ભરત નાનાભાઈ મકડીયા | ૧૦૦૦૦૦ |
| દિલીપ મોરજરિયા | ૧૦૦૦૦૦ |
| હસમુખલાલ છગનલાલ | ૧૦૦૦૦૦ |
| જય માણેક દર્શન સેવા ટ્રસ્ટ | ૧૦૦૦૦૦ |
| શૈલેષ જમનાદાસ કટારીયા | ૧૦૦૦૦૦ |
| અનુજ ટ્રેડર્સ | ૧૦૦૦૦૦ |
| ચેતનાબેન અશોક પંચોલી | ૧૦૦૦૦૦ |
| ડી. આનંદજી એન્ડ કંપની | ૧૦૦૦૦૦ |
| ડી. એમ. સન્સ મેટલ પ્રાઈવેટ લિમિટેડ | ૧૦૦૦૦૦ |
| દેવર્ષી અવિનાશી ત્રિવેદી | ૧૦૦૦૦૦ |
| દિલીપ વ્યાસ | ૧૦૦૦૦૦ |
| દિલીપ જયેન્દ્રનાથ ગોકાણી | ૧૦૦૦૦૦ |
| ડૉ. હંસાબેન પી. જોશી | ૧૦૦૦૦૦ |
| ડૉ. રમાબેન એન. પટેલ | ૧૦૦૦૦૦ |
| ડૉ. સુર્યા ભુપેન્દ્ર જાની | ૧૦૦૦૦૦ |
| એસ.ડી. પેઈન્ટ્સ લિમિટેડ | ૧૦૦૦૦૦ |
| ફિનાર લિમિટેડ | ૧૦૦૦૦૦ |
| જી. એમ. એન્ટરપ્રાઈઝ | ૧૦૦૦૦૦ |
| ગીતા એન. પટેલ | ૧૦૦૦૦૦ |
| હરિવદન શાંતિલાલ જોશી | ૧૦૦૦૦૦ |
| હર્ષદભાઈ માર્કેન્ડય પાઠક | ૧૦૦૦૦૦ |
| હસમુખભાઈ હરીભાઈ નંદા | ૧૦૦૦૦૦ |
| હસમુખભાઈ છગનલાલ શાહ | ૧૦૦૦૦૦ |
| ઈશ્વરલાલ અંબાલાલ પટેલ | ૧૦૦૦૦૦ |
| જયશ્રી કલ્યાણભાઈ મશરૂવાળા | ૧૦૦૦૦૦ |
| કલ્પનાબેન કિરણકુમાર શાહ | |
| પ્રોપ. ગોકુલેશ માર્બલ એન્ડ સ્ટોન | ૧૦૦૦૦૦ |
| કમલેશ એસ. મહેતા (એચ.યુ.એફ) | ૧૦૦૦૦૦ |
| કૌશિક વ્રજલાલ શાહ | ૧૦૦૦૦૦ |
| કિરણકુમાર કાંતીલાલ શાહ | |
| પ્રો. વ્રજ મારબલ એન્ડ સ્ટોન | ૧૦૦૦૦૦ |
| કુસુમબેન જયંતીભાઈ પટેલ | ૧૦૦૦૦૦ |
| કુંવરલાલ ભાઈજીદાસ ચેરીટી ફાઉન્ડેશન | ૧૦૦૦૦૦ |
| લિટલ એન્જલ્સ પ્રાથમિક શાળા | ૧૦૦૦૦૦ |
| લોમી એન્ટરપ્રાઈઝ પ્રા. લિમિટેડ | ૧૦૦૦૦૦ |
| મનવંતરાય દલપતરામ ત્રિવેદી | ૧૦૦૦૦૦ |
| નલિની પ્રતાપ સંપત | ૧૦૦૦૦૦ |
| નિલેશ જયંતીભાઈ મકવાણા | ૧૦૦૦૦૦ |
| પદમાબેન એસ. મેવાડા | ૧૦૦૦૦૦ |
| પદમાવતીબેન ડાહ્યાભાઈ પટેલ | ૧૦૦૦૦૦ |
| પ્રવીણ રતીલાલ પટેલ | ૧૦૦૦૦૦ |
| પ્રિયાબાલા રમણલાલ શાહ | ૧૦૦૦૦૦ |
| પુરૂષોત્તમ સી. માણેક | ૧૦૦૦૦૦ |
| પુર્વી સૌરભભાઈ પરીખ | ૧૦૦૦૦૦ |
| આર.બી. માજરા | ૧૦૦૦૦૦ |
| રજનીકાંત એચ. પબરી | ૧૦૦૦૦૦ |
| રેમીક ટ્રેડિંગ કોર્પોરેશન | ૧૦૦૦૦૦ |
| સચિન સ્ટીલ પ્રા. લિમિટેડ | ૧૦૦૦૦૦ |
| સનરેલ રસાયણ | ૧૦૦૦૦૦ |
| સરસપુર સેવા ટ્રસ્ટ | ૧૦૦૦૦૦ |
| સતીશકુમાર ગુપ્તા | ૧૦૦૦૦૦ |
| સાવિત્રીબેન હરિનારાયણ વ્યાસ | ૧૦૦૦૦૦ |
| શંકરલાલ કાનજીભાઈ પટેલ | ૧૦૦૦૦૦ |
| શિરીષભાઈ પી. શાહ | ૧૦૦૦૦૦ |
| શ્રીનંદા કલ્યાણભાઈ મશરૂવાળા | ૧૦૦૦૦૦ |
| સોની પ્રભુદાસ ખેતશી | ૧૦૦૦૦૦ |
| સુરેશ બેચરદાસ પટેલ | ૧૦૦૦૦૦ |
| સુરેશચન્દ્ર ચાલીવાલા | ૧૦૦૦૦૦ |
| તરલીકાબેન સુમતીલાલ કાપડિયા | ૧૦૦૦૦૦ |
| અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લિ. | ૧૦૦૦૦૦ |
| વિધી ઈન્ડસ્ટ્રીઝ | ૧૦૦૦૦૦ |
| વિજય હરિલાલ શાહ | ૧૦૦૦૦૦ |
| વિક્રમ નટવરલાલ શાહ (એચ.યુ.એફ.) | ૧૦૦૦૦૦ |
| વિશાલ શીપીંગ એજન્સીસ પ્રા. લિમિટેડ | ૧૦૦૦૦૦ |
| રેમીડી ટ્રસ્ટ | ૯૯૯૭૨ |
| પાર્થ પટેલ | ૯૮૦૦૦ |
| સરોજબેન દવે | ૯૨૦૦૦ |
| અનાદુભા કે. વાઘેલા | ૯૧૦૦૦ |
| શ્રી વર્ધમાન ટ્રાન્સપોર્ટ | ૯૦૦૦૦ |
| માણેકલાલ હરિલાલ સ્વાદીયા જ્વેલર્સ | |
| પ્રો. સંજીવ માણેકલાલ સ્વાદીયા (એચ.યુ.એફ.) | ૮૧૦૦૦ |
| હનુમાનજી મંદિર કેમ્પ ટ્રસ્ટ | ૭૫૦૦૦ |
| જશવંત ટી. શાહ | ૭૫૦૦૦ |
| લલિતાબેન છોટુભાઈ અનડા | ૭૫૦૦૦ |
| પ્રો. ક્રિષ્નાબેન દહીયા | ૭૫૦૦૦ |
| હર્ષા કિરીટભાઈ પટેલ | ૭૦૦૦૦ |
| શાહ બીપીનચંદ્ર કાંતીલાલ | ૭૦૦૦૦ |
| શ્રી મહાવીર રોડલાઈન્સ | ૭૦૦૦૦ |
| કાંતીલાલ પી.યુ. / રમણિકલાલ | ૬૬૯૯૩ |
| ગુજરાત અંબુજા સહકાર બેંક લિ. | ૬૩૦૦૦ |
| અશોકકુમાર જશભાઈ પટેલ | ૬૦૦૦૦ |
| ડૉ. રઈશએહમદ મોહમેદીક્લ પટેલ | ૬૦૦૦૦ |
| હર્ષદભાઈ જે. શ્રોફ | ૫૯૦૦૦ |
| હર્ષિદા વી. ઝીંઝુવાડીયા | ૫૫૫૫૫ |
| મીનાબેન મિલનકુમાર નંદા | ૫૫૫૫૫ |

| | |
|---|---|
| રાજેશભાઈ જી. નંદા | ૫૫૫૫૫ |
| શનાભાઈ ભાઈલાલભાઈ વસાવા | ૫૫૫૫૫ |
| નટવરલાલ દરબારીલાલ શાહ | ૫૧૧૫૧ |
| શારદાબેન સકરાભાઈ પટેલ | ૫૧૧૫૧ |
| કિશનલાલ નંદલાલ કાબરા | ૫૧૧૧૧ |
| રામચંદ્ર પી. પટેલ | ૫૧૧૧૧ |
| વી. પી. માલવનીયા | ૫૧૧૧૧ |
| ભુપત કે. સિધ્ધપુરા | ૫૧૦૦૧ |
| અનિલ પરગીજી / કુંદન | ૫૧૦૦૦ |
| આશા જયંત ઘાટે | ૫૧૦૦૦ |
| રાજેશકુમાર ભાવેશભાઈ પરમાર | ૫૧૦૦૦ |
| બાબુ નારાયણ ગામી | ૫૧૦૦૦ |
| ભારતી એ. દેસાઈ | ૫૧૦૦૦ |
| દક્ષેશ જયંતીલાલ પંચોલી | ૫૧૦૦૦ |
| ધનંજય ઠાકોરલાલ શાહ | ૫૧૦૦૦ |
| ડૉ. દીપ્તી એમ. પંડ્યા | ૫૧૦૦૦ |
| ડૉ. જગદીશ ત્રિવેદી | ૫૧૦૦૦ |
| ડૉ. ટી. કે. સોની | ૫૧૦૦૦ |
| હસ્થાબેન જયંતીલાલ માવજીભાઈ | ૫૧૦૦૦ |
| હેમંત નરહરિ ભટ્ટ | ૫૧૦૦૦ |
| હીરાબેન બાબરભાઈ પટેલ | ૫૧૦૦૦ |
| જય મુકુંદ ઠક્કર | ૫૧૦૦૦ |
| જયેન્દ્ર નટવરલાલ રાવલ | ૫૧૦૦૦ |
| કમળાબેન શંકરગીરી ગોસ્વામી | ૫૧૦૦૦ |
| કિશનચંદ્ર ડાહ્યાભાઈ ઈજનેર | ૫૧૦૦૦ |
| મધુસુદન આર ત્રિવેદી | ૫૧૦૦૦ |
| મહેશ માંકડ | ૫૧૦૦૦ |
| મહેશ હિંમતલાલ રાવલ | ૫૧૦૦૦ |
| મહેશ્વરી બલવંતભાઈ ગઢવી | ૫૧૦૦૦ |
| મારુતિ મેટલ C/o. યોગેશ કાંતીલાલ શાહ | ૫૧૦૦૦ |
| નંદિતા જે. બક્ષી | ૫૧૦૦૦ |
| નરોત્તમભાઈ એ. જોઈસર | ૫૧૦૦૦ |
| નીકી પમ્પ | ૫૧૦૦૦ |
| પરેશ હરિશભાઈ નખવા | ૫૧૦૦૦ |
| આર.બી. એન્ટરપ્રાઈઝીસ રાજેશ્વરી ભાવેશ પરમાર | ૫૧૦૦૦ |
| રાઘવ કુંદનબેન લોઢીયા | ૫૧૦૦૦ |
| રાકેશકુમાર પટેલ | ૫૧૦૦૦ |
| રમાબેન ગીરધરલાલ ઠક્કર | ૫૧૦૦૦ |
| રામેન્દ્ર જે. પરીખ | ૫૧૦૦૦ |
| એસ. આર. ઈન્ટરનેશનલ મુકેશ અને ભરત પરમાર | ૫૧૦૦૦ |
| શંકરભાઈ ભાઈલાલભાઈ પટેલ | ૫૧૦૦૦ |
| શારદાબેન એમ. મહેતા | ૫૧૦૦૦ |
| શીરિષ ચંપકલાલ મારફતીયા | ૫૧૦૦૦ |
| શિવમ એન્ટરપ્રાઈઝ પ્રોપ. કેતન વી. પટેલ | ૫૧૦૦૦ |
| શ્રી કૃષ્ણ બી. રૂંગટા | ૫૧૦૦૦ |

| | |
|---|---|
| શ્રીજી ઈમ્પેક્સ | ૫૧૦૦૦ |
| સીમંધર કોર્પોરેશન | ૫૧૦૦૦ |
| સોમાભાઈ દ્વારકાદાસ પટેલ | ૫૧૦૦૦ |
| સુશીલા ચૌધરી | ૫૧૦૦૦ |
| વિજયકુમાર રતિલાલ પટેલ | ૫૧૦૦૦ |
| વિનોદ એમ. કંસારા | ૫૧૦૦૦ |
| વિપીનભાઈ કાકડ | ૫૧૦૦૦ |
| વિશાલ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ પ્રોપ. રાકેશ બચુભાઈ દવે | ૫૧૦૦૦ |
| સંગીતા એચ. ભટ્ટ | ૫૦૯૬૯ |
| દિલીપ મોરજારીયા | ૫૦૦૦૦ |
| ૩એ મેડીકલ સીસ્ટમ્સ | ૫૦૦૦૦ |
| અશ્વીનકુમાર નાનુભાઈ ત્રિવેદી | ૫૦૦૦૦ |
| બિમલ શાંતિલાલ ભાવસાર | ૫૦૦૦૦ |
| ચિરાગકુમાર સુભાષચંદ્ર મહેતા | ૫૦૦૦૦ |
| ડાહ્યાભાઈ ખુશાલભાઈ પટેલ | ૫૦૦૦૦ |
| દીપ્તી પ્રભા મોતીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ | ૫૦૦૦૦ |
| ડૉ. એ. બી. વ્યાસ | ૫૦૦૦૦ |
| ડૉ. પ્રેરણા કિરીટભાઈ પટેલ | ૫૦૦૦૦ |
| ડૉ. બિંદુ શાહ | ૫૦૦૦૦ |
| ડૉ. રૂદ્રેશ ટી. મહેતા | ૫૦૦૦૦ |
| ડૉ. ઉદય મહેન્દ્રભાઈ સુરાણા | ૫૦૦૦૦ |
| ગિરિરાજ ટ્રાન્સપોર્ટ | ૫૦૦૦૦ |
| હરિશભાઈ કાંતીલાલ શાહ | ૫૦૦૦૦ |
| હેમાંશુચન્દ્ર ધીરૂભાઈ પટેલ | ૫૦૦૦૦ |
| જયદેવ દીપક ઉનડકટ | ૫૦૦૦૦ |
| જિગર મહાસુખલાલ શાહ | ૫૦૦૦૦ |
| મહેશ એલ. પટેલ | ૫૦૦૦૦ |
| મનિષ અશ્વિનકુમાર પરીખ (એચ.યુ.એફ.) | ૫૦૦૦૦ |
| મનોરમા હરીશ શાહ | ૫૦૦૦૦ |
| મનુભાઈ વી. શાહ | ૫૦૦૦૦ |
| ઓમ્ની લેન્સ પ્રાઈવેટ લિમિટેડ | ૫૦૦૦૦ |
| પ્રમોદભાઈ સી. પટેલ | ૫૦૦૦૦ |
| આર. એમ. કોર્પોરેશન | ૫૦૦૦૦ |
| રન્નાબેન પ્રભુદાસ પટવારી | ૫૦૦૦૦ |
| સવિતાબેન આર. પટેલ | ૫૦૦૦૦ |
| ટોપીકલ એન્ટરપ્રાઈઝીસ | ૫૦૦૦૦ |
| વી. કે. પારેખ એચ.યુ.એફ | ૫૦૦૦૦ |
| વર્ષા જીતેન્દ્ર પરીખ | ૫૦૦૦૦ |
| વસુમતી કાકુભાઈ મહેતા | ૫૦૦૦૦ |
| વિજય ઈન્ટરનેશનલ | ૫૦૦૦૦ |
| વિજય એન્ડ સન્સ | ૫૦૦૦૦ |
| વિશાલ જીતેન્દ્રભાઈ પટેલ | ૫૦૦૦૦ |
| રૂા. ૫૦૦૦૦/- થી ઓછું દાન | ૧૫૦૭૫૪૪૨ |
| **ટોટલ** | **૫૮૭૫૬૨૮૯** |

બુક - પોસ્ટ
પ્રિન્ટ મેટર


**શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમલાબેન મફતલાલ મહેતા**
**ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર**

**ડૉ. એચ. એલ. ત્રિવેદી**
**ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ**
સિવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ - ૩૮૦ ૦૧૬, ભારત
ફોન : ૯૧-૭૯-૨૨૬૮૭૦૦૦, ૨૨૬૮૫૭૦૦ ફેક્સ : (૦૭૯) ૨૨૬૮૫૪૫૪
e-mail : ikdrcad1@sancharnet.in www.ikdrc-its.org